**GJBK020067202022**

| | |
|---|---|
| કેસ રજુ તા.: | ૧૭/૧૨/૨૦૨૨ |
| કેસ દાખલ તા.: | ૧૭/૧૨/૨૦૨૨ |
| કેસ ફૈંસલ તા.: | **૦૯/૦૧/૨૦૨૫** |
| અવધિ :- | વર્ષ. માસ. દિવસ |
| | ૦૨ ૦૦ ૨૩ |

---

**બનાસકાંઠાના મે.બીજા એડી.ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.પાલનપુર**

---

**ક્રિમી.કેસ નં. 5726-2022**
**આંક –**

**ફરીયાદી :** શ્રી સરકાર,

**વિરૂધ્ધ**

**આરોપી :** (૧) **એજાઝ ઈમ્તીયાજભાઈ મેવાતી ,**
ઉં.વ.આ.૨૫, વ્યવસાય-રીક્ષા ડ્રાઈવીંગ,
રહે. ગાલંદાજવાસ બારડપુરા પાલનપુર,
તા.પાલનપુર, જિલ્લો-બનાસકાંઠા.

(૨) **અકરમ ઈમ્તીયાજભાઈ મેવાતી,**
ઉં.વ.આ.૨૭, વ્યવસાય-મજુરી,
રહે. ગાલંદાજવાસ બારડપુરા પાલનપુર,
તા.પાલનપુર, જિલ્લો-બનાસકાંઠા.

(૩) **ઈમરાન ઉર્ફે ભુરો ઈલીયાસભાઈ સીંધી,**
ઉં.વ.આ.૨૬, વ્યવસાય-મજુરી,
રહે. જુના ડાયરા નાનીબજાર બાવાની મસ્જીદ પાસે,
તા.પાલનપુર, જિલ્લો-બનાસકાંઠા.

**ગુન્હો:- ભારતીય દંડ સંહિતાની કલમ-૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૧),૧૧૪ મુજબ**

.................................................................................

ફરીયાદપક્ષ તરફે:– વિ.એ.પી.પી.શ્રી આર.એન.વકીલ

આરોપીપક્ષ તરફે :– વિ.વ.શ્રી આઈ.વાય સૈયદ

.................................................................................

**–: જજમેન્ટ :–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,આ કામના આરોપીઓએ તા.૦૬/૦૭/૨૦૨૨ ના કલાક ૨૨/૦૦ વાગે મોજે પાલનપુર અંબર સોસા. સમતા સ્કુલની પાસે ફરીયાદીને ગાળો બોલી ગડદાપાટુનો માર મારી તહો નં. ૨ નાઓએ ફરીયાદીને લોખંડની પાઈપથી માર મારી ઈજાઓ કરી આરોપી નં. ૧નાએ મોબાઈલ ફોનથી ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી **ભારતીય દંડ સંહિતા ની કલમ–૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૧),૧૧૪** મુજબનાં ગુનાનું ચાર્જશીટ રજુ કરેલ છે. અત્રે એ હકિકત નોંધનીય છે કે, ઉકત જણાવેલ ફરીયાદ હકિકતો અનુસાર હાલના ગુનાના આરોપીઓ ઉપરાંત અન્ય એક આરોપી ઈમ્તીયાઝભાઈ અહેમદભાઈ મેવાતીનો રોલ જણાવેલ છે, પરંતુ સદર આરોપી સામે હાલના ગુનાના કામે પુરવણી ચાર્જશિટ જે ક્રિમી.કેસ નં.૪૨૭/૨૦૨૩થી નોંધાયેલ છે અને સદર બન્ને કેસો એક સાથે ચલાવવામાં આવેલ નથી.

(૨) આરોપીને અત્રેની કોર્ટ ધ્વારા સમંસ કરવામાં આવેલ જે આરોપીને ધારાસર બજતાં, તેઓ અત્રેની કોર્ટ સમક્ષ હાજર થયેલા.ત્યારબાદ આરોપી સામે આંક–૧૦ થી તહોમતનામું ફરમાવી તેઓનું આંક–૧૧ થી ૧૩ થી નિવેદન નોંધેલ છે. જેમાં તેઓએ ગુના સબબનો ઈન્કાર કરેલો. જેથી સદર કામ ફરિયાદપક્ષના પુરાવાના તબકકે રાખવામાં આવેલું. ત્યારબાદ પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ત્યારબાદ ફરિયાદ પક્ષ તરફથી નીચે મુજબની વિગતે પુરાવો લેવામાં આવેલ છે

**<u>મૌખિક પુરાવાઓ</u> :**

| | | |
|---|---|---|
| આંક– ૨૧ | રફીકભાઈ નુરમહંમદ સીંધી | ફરીયાદી |
| આંક– ૨૭ | તબરેજખાન રફીકખાન કુરેશી | સાહેદ |
| આંક– ૨૮ | રજાકખાન રફીકભાઈ કુરેશી | સાહેદ |
| આંક– ૨૯ | સાકીરખાન રફીકભાઈ સોલંકી | સાહેદ |

**<u>દસ્તાવેજી પુરાવાઓ</u> :**

| | |
|---|---|
| આંક– ૨૨ | ફરીયાદ |
| આંક– ૩૦ | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| આંક– ૩૧ | હથિયાર રીકવરી પંચનામું |
| આંક– ૩૨ | મેડીકલ સર્ટીફીકેટ |

**(૪)** આ કામે ફરીયાદપક્ષે આંક–૩૩ થી કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

**(૫)** ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં સી.આર.પી.સી.ની કલમ – ૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓએ વિશેષમાં પોતાની સામે ખોટી ફરીયાદ કરેલ હોવાનું તેમજ પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે.

**(૬)** ફરીયાદપક્ષના વિ.એ.પી.પી.શ્રી તથા આરોપી પક્ષના વિ.વ.શ્રી.ની દલીલો વિગતવાર સાંભળી.

**(૭)** આ કેસનાં આખરી નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :

મુદ્દા નં.૧ : શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા. તા. ૦૬/૦૭/૨૦૨૨ ના કલાક ૨૨/૦૦ વાગે

મોજે પાલનપુર અંબર સોસા. સમતા સ્કુલની પાસે ફરીયાદીને ગાળો બોલી ગડદાપાટુનો માર મારી તહો નં. ૨ નાઓએ ફરીયાદીને લોખંડની પાઈપથી માર મારી ઈજાઓ કરી આરોપી નં. ૧નાએ મોબાઈલ ફોનથી ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી ગુનો કરવામાં એકબીજાની મદદગારી કરી **ભારતીય દંડ સંહિતા ની કલમ-૩૨૩,૨૯૪(ખ),૫૦૬ (૧),૧૧૪** મુજબ નો શિક્ષા ને પાત્ર ગુનો કરેલ છે?

મુદ્દા નં.૨ : શુ હુકમ?

(૮) ઉપરોકત મુદ્દાઓ પરત્વે આ અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ : નકારમાં.

મુદ્દા નં.૨ : આખરી હુકમ મુજબ.

-// <u>કારણો</u> //-

**<u>મુદ્દા નં.૧</u> :**

(૯) ઉપરોકત મુદ્ધા સબંધિત ફરિયાદ પક્ષ દ્ધારા રજુ કરવામાં આવેલ પુરાવાનું મુલ્યાંકન કરતાં પહેલાં પુરાવાના મુલ્યાંકન શબ્દની અસરકારક કાનુની છણાવટ ભારતીય પુરાવા અધિનીયમ,૧૮૭૨ ની ત્રીજી આવૃત્તીના પાના નં. ૭૩ ઉપર ઓથર માનનીય શ્રી બી.એન.જાની દ્ધારા કરવામાં આવેલ છે જે અત્રે ટાંકવી આવશ્યક જણાતી હોય જે નીચે મુજબ ટાંકેલ છે. "પુરાવાનું મુલ્યાંક શબ્દ પ્રયોગ કયાંય વ્યાખ્યાબદધ કરવામાં આવ્યો નથી. એ માટે કોઈ પણ કાનુની સમપ્રિત નિયમો નથી. કારણ કે, પુરાવાનું મુલ્યાંકન એક ભાવાત્મક પ્રક્રિયા છે. આ શબ્દ આ અધિનીયમ ન હોવા છતાં પણ વ્યવહારીક રીતે પ્રચલિત છે. જયારે પુરાવાના મુલ્યાંકન વિશે ચર્ચા કરવામાં

આવે ત્યારે આ અધિનિયમની કલમ–૩ એટલે આ કલમનો ભાગ સમજવામાં આવે છે. કારણ કે, સાબિત તથા નાસાબિત શબ્દો વ્યાખ્યાબધ્ધ કરવામાં આવ્યા છે. કોઈ હકીકતનું અસ્તિત્વ કે અનઅસ્તિત્વ  સાબિત માનવું તે મુલ્યાંકનનો ભાગ છે."

આમ, પુરાવાના મુલ્યાંકન સબંધિત કાનુની જોગવાઈ લક્ષમાં લેતાં આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરીયાદ પક્ષ દ્ધારા રજુ કરવામાં આવેલ પુરાવા દ્ધારા સાબિત થયેલ હોય તો આરોપીના ગુનાહિત કૃત્યો બદલ કસુરવાન ઠેરવી શકાય. અગર આરોપી સામેનો આક્ષેપિત ગુનો ફરિયાદ પક્ષ દ્ધારા રજુ કરવામાં આવેલ પુરાવા દ્ધારા સાબિત થયેલ ન હોય તો આરોપીને કસુરવાન ઠેરવી શકાય નહી. આમ, ફરીયાદ પક્ષના પુરાવા પરથી આક્ષેપિત ગુનો સાબિત કરે નાસાબિત થયેલાની પ્રક્રિયા એ પુરાવાનું મુલ્યાંકનનો ભાગ છે.

(૧૦) આ કામે ફરિયાદ પક્ષે ફરીયાદી રફીકભાઈ નુરમહંમદ સીંધી તેમના આંક–૨૧ ના સોગંદ ઉપરના પુરાવામાં જણાવેલ છે કે, સન ૨૦૨૨માં સાતમા મહીનાની છઠી તારીખે રાતના આશરે દસ વાગે તેઓ ગલબાભાઈના પુતળા પાસેથી પસાર થતા હતા ત્યારે ઈમ્તીયાઝ મેવાતીનો તેમના ઉપર ફોન આવેલ અને તેઓને મળવા માટે જણાવેલ પરંતુ તેઓએ કોઈ જવાબ આપેલ નહી. ત્યારબાદ ઈમ્તીયાઝએ તેઓને વીસેક જેટલા ફોન કરેલ પણ રીસીવ કરેલ નહી.ત્યારબાદ તેઓના ભાણેજ જમાઈ શાકીરભાઈ રફીકભાઈ સોલંકીનો તેઓની ઉપર ફોન આવેલો અને તેઓએ તેમને જણાવેલ કે ''આરોપીઓ તમોને મળવા માંગે છે પરંતુ તમો મળવા જતા નહી.''ત્યારબાદ તેઓ ઘરે જતા હતા ત્યારે આરોપીઓએ મળીને તેઓને રોકેલ અને તેઓ સાથે બોલાચાલી કરેલી તે દરમ્યાન તેઓને ઈજા થતાં સીવીલ હોસ્પિટલમાં સારવાર લીધેલ.

ત્યારબાદ તેઓ સીમલા ચોકી જઈને આરોપીઓ વિરુધ્ધ અરજી આપવા માટે ગયેલા ત્યારે આરોપીઓના સંબંધી ત્યાં આવીને તેઓને સમજાવવા લાગેલ જેથી તેઓએ કોઈ પોલીસ કાર્યવાહી કરેલ નહી અને પરત ઘરે જતા રહેલા. ત્યારબાદ તા. ૦૮/૦૭/૨૦૨૨ ના રોજ આશરે દસ વાગે તેઓના જમાઈ શાકીરભાઈનો ફોન તેમની ઉપર આવેલો અને તેઓએ જણાવેલ કે, આરોપીઓ તેઓના ભાણીયાઓ સાથે બોલાચાલી કરે છે તેમ કહેતા તેઓ ત્યા ગયેલા ત્યારે આ ચારેય ત્યાંથી જતા તેઓએ જોયેલા. ત્યારબાદ તેઓના ત્રણેય ભાણીયાઓ તબરેજભાઈ,રજાકભાઈ અને શાહરૂખભાઈને પુછતાં, તેઓએ જણાવેલ કે,આ ચારેય જણા તેઓની સાથે બોલાચાલી કરતા હતા અને બોલાચાલી દરમ્યાન તેઓને શરીરે ઈજા થયેલી.ત્યારબાદ તેઓ તેમના ભાણીયાઓને સારવાર માટે સીવીલમાં લઈ ગયેલા. ત્યારબાદ તેમના ફોન પર આરોપી નં. ૨નો ફોન આવેલો અને તેમની સાથે બોલાચાલી કરવા લાગેલા. જેથી બનાવ સંબંધે તેઓએ આરોપી વિરુધ્ધ પોલીસમાં ફરીયાદ આપેલી. જે ફરીયાદમાં પોતાની સહી ઓળખી બતાવેલ છે, જે ફરીયાદ આંક-૨૨ થી રજુ છે.આરોપીઓને ઓળખતા હોવાનું જણાવેલ છે.

આ કામે ફરીયાદી તેમની ફરીયાદ હકીકતને સમર્થન આપતા ના હોઈ એ.પી.પી.શ્રીએ તેમને સુચક પ્રશ્નો પુછેલ તેમ છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવો પુરાવો રજુ થયેલ નથી. આ કામે ફરીયાદીની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ થયેલ જેમાં તેઓ તે હકીકતનો સ્વીકાર કરે છે કે, તેઓનું ઘર સમતા સ્કુલની પાસે આવેલું છે અને સમતા સ્કુલની પાસે જાહેર

રસ્તો આવેલો છે અને ત્યાં લોકોની સતત અવર જવર રહે છે. સમતા સ્કુલની પાસે આરોપી સાથે બોલાચાલી થયેલી ત્યારે સાકીરભાઈ હાજર ન હતા. તા. ૦૮/૦૭/૨૦૨૨ ના રોજ આરોપીઓ અને તેમના ભાણીયાઓ વચ્ચેના બનાવની ફરીયાદ તેમના ભાણીયા રજાકભાઈએ આપેલી ત્યારબાદ તેઓએ આપેલી.

**(૧૧)** આ કામે ફરિયાદ પક્ષે સાહેદ તબરેજખાન અને રજાકખાનનો પુરાવો અનુક્રમે આંક–૨૭ અને ૨૮ થી નોંધાયેલો છે જેમાં તેઓ જણાવેલ છે કે, આ કામના ફરીયાદી રફીકભાઈ સીંધી તેઓના મામા થાય છે. બનાવ આજથી આશરે બે એક વર્ષ પહેલા સન ૨૦૨૨માં બનેલો. આરોપીઓએ તેઓના મામા રફીકભાઈ સીંધીને માર મારેલો તેવું તેઓને સાંભળવા મળેલ. આરોપીઓને ઓળખતા હોવાનું જણાવેલ છે.

આ કામે ફરીયાદપક્ષના સાહેદો ફરીયાદ હકીકતને સમર્થન આપતા ના હોઈ એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી સુચક પ્રશ્નો પુછેલ તેમ છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવો પુરાવો રજુ થયેલ નથી. આ કામે આ સાહેદોની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ થયેલ જેમાં તેઓ તે હકીકતનો સ્વીકાર કરે છે કે, પોલીસે માત્ર તેઓનું નામ,સરનામું,મોબાઈલ નંબર તેમજ ધંધા તથા તેઓના પરિવાર વિશે પુછેલ બનાવ વિશે તેઓને કોઈ જાત માહિતી નથી.

**(૧૧.૧)** આ કામે ફરિયાદ પક્ષે સાહેદ સાકીરખાન નો પુરાવો આંક–૨૯ થી નોંધાયેલો છે જેમાં તેઓ જણાવેલ છે કે, આ કામના ફરીયાદી રફીકભાઈ સીંધી તેઓના મામા સસરા થાય છે. બનાવ આજથી આશરે બે એક

વર્ષ પહેલા સન ૨૦૨૨માં બનેલો. આરોપીઓએ તેઓના મામા સસરા રફીકભાઈ સીંધીને માર મારેલો તેવું તેઓને સાંભળવા મળેલ. આરોપીઓને ઓળખતા હોવાનું જણાવેલ છે.

આ કામે ફરીયાદપક્ષના સાહેદ ફરીયાદ હકીકતને સમર્થન આપતા ના હોઈ એ.પી.પી.શ્રીએ તેમને ફરી ગયેલા જાહેર કરી સુચક પ્રશ્નો પુછેલ તેમ છતાં ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવો પુરાવો રજુ થયેલ નથી. આ કામે આ સાહેદની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ થયેલ જેમાં તેઓ તે હકીકતનો સ્વીકાર કરે છે કે, પોલીસે માત્ર તેઓનું નામ, સરનામું, મોબાઈલ નંબર તેમજ ધંધા તથા તેઓના પરિવાર વિશે પુછેલ બનાવ વિશે તેઓને કોઈ જાત માહિતી નથી.

(૧૨) આ કામે આંક–૩૩ થી ફરીયાદી તર્ફે કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે, વધુ પુરાવો તપાસવા માંગતા ન હોવાનું જાહેર કરેલ છે, જેથી આ કામે ફરીયાદપક્ષ તરફે વધુ પુરાવો નોધવામાં આવેલ નથી. આ સંદર્ભે પુરાવા અધિનિયમની કલમ–૧૩૪ ને ધ્યાને લેતાં તેમાં એવી જોગવાઈ કરવામાં આવેલ છે કે, No Particular number of witnesses shall in any case be required for the proof of any fact. આ સંદર્ભે નામદાર સુપ્રિમ કોર્ટે Veer Singh V.s Sate of U.P–Cri.Appeal no. 256–257 of 2009, Dat.10/12/2013. માં ઠરાવેલ છે કે...... The weight and quality of Evidence are important rather than quantity Maltiplicity or plurality of witness. Evidence Must be weighted and not counted as per S.134 of Evidence Act.

(૧૩) ઉપરોકત જોગવાઇ ધ્યાને લેતાં, કેસના નિર્ણય માટે પુરાવાની ગુણવત્તા મહત્વની છે નહી કે પુરાવાની સંખ્યા તેવું ઠરાવેલ છે. આજ સંદર્ભે ૧૯૯૬(૨),કરંન્ટ ક્રિમીનલ રીપોર્ટર સતીષ મહેરા વિરૂધ્ધ દિલ્હી એડમીનીસ્ટ્રેશનના ચુકાદામાં નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસ્થાપિત કરેલ છે કે, જયારે જજને ચોકકસપણે એમ લાગે કે કેસના સંજોગોને ધ્યાને લેતાં કેસનો અંત સજામાં પરીણમશે નહી ત્યારે કોર્ટનો અમુલ્ય સમય માત્ર પ્રોસીજર પુરી કરવા વેડફવો નહી. જેથી આ કામે અન્ય સાહેદોને તપાસવામાં આવશે તો પણ કેસના મેરીટસમાં કોઈ ફેરફાર થશે નહી.

(૧૪) આ કામના આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ–**૩૨૩, ૨૯૪(ખ),૫૦૬(૧), ૧૧૪** મુજબના ગુના નો આક્ષેપ છે.

ઉપરોકત આક્ષેપ પુરવાર કરવા ફરીયાદપક્ષના ફરીયાદી રફીકખાન નુરમહંમદ સીંધીનો પુરાવો આંક–૨૧થી નોંધાયેલ છે. આ સાહેદનો પુરાવો વંચાણે લેવામાં આવે તો, તેઓ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, આકામના આરોપીએ તેઓની સાથે બોલાચાલી કરેલો અને તે દરમયાન તેઓને ઈજા થતાં તેઓએ સીવીલમાં સારવાર લીધેલ હોવાનું જણાવે છે. આ કામે ફરીયાદીની બચાવપક્ષ તરફે ઉલટ તપાસ થયેલ છે તેમાં તેઓ તે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, તેઓનું ઘર સમતા સ્કુલની પાસે આવેલું છે અને સમતા સ્કુલની પાસે જાહેર રસ્તો આવેલો છે અને ત્યાં લોકોની સતત અવર જવર રહે છે. સમતા સ્કુલની પાસે આરોપી સાથે બોલાચાલી થયેલી ત્યારે સાકીરભાઈ હાજર ન હતા. તા. ૦૮/૦૭/૨૦૨૨ ના રોજ આરોપીઓ અને તેમના ભાણીયાઓ વચ્ચેના બનાવની ફરીયાદ તેમના ભાણીયા રજાકભાઈએ આપેલી ત્યારબાદ તેઓએ આપેલી. આમ, ફરીયાદીની ઉલટ

તપાસ ધ્યાને લેતાં, ફરીયાદીના પુરાવાથી આ કામના આરોપીએ તેમને ગાળો બોલેલ હોય, કે ગડદાપાટુનો માર મારેલ હોય કે જાનથી મારી નાખવાની ધમકી આાપેલ હોવાની હકીકત પુરવાર થતી નથી.

આ કામે ફરીયાદપક્ષના સાહેદો તબરેજખાન અને રજાકખાનનો પુરાવો અનુક્રમે આંક–૨૭ અને ૨૮ થી નોંધાયેલો છે. આ સાહેદોનો પુરાવો વંચાણે લેવામાં આવે તો, આ કામના આરોપીએ તેઓના મામાને માર મારેલ હોવાનું તેઓને સાંભળવા મળેલ હોવાની હકીકત જણાવે છે.જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં જણાવે છે કે,પોલીસે માત્ર તેઓનું નામ,સરનામું,મોબાઈલ નંબર તેમજ ધંધા તથા તેઓના પરિવાર વિશે પુછેલ બનાવ વિશે તેઓને કોઈ જાત માહિતી નથી. આમ, આ સાહેદોના પુરાવામાંથી પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવો કોઈ પુરાવો રજુ થયેલ નથી.

આ કામે ફરીયાદપક્ષના સાહેદ સાકીરભાઈનો પુરાવો આંક–૨૯ થી નોંધાયેલો છે. આ સાહેદનો પુરાવો વંચાણે લેવામાં આવે તો, આ કામના આરોપીએ તેઓના મામા સસરાને માર મારેલ હોવાનું તેઓને સાંભળવા મળેલ હોવાની હકીકત જણાવે છે. જયારે બચાવપક્ષની ઉલટતપાસમાં જણાવે છે કે,પોલીસે માત્ર તેઓનું નામ,સરનામું,મોબાઈલ નંબર તેમજ ધંધા તથા તેઓના પરિવાર વિશે પુછેલ બનાવ વિશે તેઓને કોઈ જાત માહિતી નથી. આમ, આ સાહેદના પુરાવામાંથી પણ ફરીયાદપક્ષના કેસને સમર્થન મળે તેવો કોઈ પુરાવો રજુ થયેલ નથી.

આ કામે આંક–૩૦ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા આંક–૩૧ થી હથિયાર રીકવરી પંચનામું જે કબુલ કરતાં તેને આંક આપી પુરાવામાં વંચાણે લેવામાં આવેલ છે. પરંતુ ફરીયાદપક્ષનો મૌખિક પુરાવો આ પંચનામાની હકીકતને સમર્થન કરતો ના હોઈ, આ બંને પંચનામા ઉપર આધાર રાખી શકાય નહી. આ કામે આંક– ૩૨ થી મેડીકલ સર્ટીફીકેટ રજુ છે. જે કબુલ કરતાં તેને આંક આપી પુરાવામાં વંચાણે લેવામાં આવેલ છે. જે જોતા ઈજા પામનાર ફરીયાદી રફીકભાઈને ઈજા થયેલ હોવાનું જણાઈ આવે છે. પરંતુ તેઓનો મૌખિક પુરાવો ઘ્યાને લેતા, આ કામના આરોપીએ તેમને માર મારી ઈજા પહોચાડેલ હોય તે હકીકત તેઓના પુરાવામાં જણાવેલ નથી તેથી આ ઈજાના સર્ટીફીકેટમાં જણાવેલ ઈજા આ કામના આરોપીએ જ ફરીયાદીને પહોચાડેલ હોય તે હકીકત પુરવાર થતી નથી તેથી આ મેડીકલ સર્ટીફીકેટ ઉપર આધાર રાખી શકાય નહી.

**(૧૫)** આ કામે આરોપી સામે આક્ષેપિત ગુનો ઘ્યાને લેતાં, આ કામના આરોપીએ ફરીયાદીને માર મારી ઈજા પહોચાડી તેમજ આરોપીએ ફરીયાદીને ગાળો બોલી અપશબ્દ બોલેલ હોય તેવો પુરાવો રેકર્ડ ઉપર રજુ આવતો નથી. તેમજ આ કામના આરોપીએ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપેલ હોય, જે ધમકીથી ફરીયાદી ભય તળ રહેતા હોય અને તેઓ તે ભયથી પોતાના રહેણાંકનું સ્થળ છોડી અન્ય રહેવા ચાલ્યા ગયેલ હોય તેવો પુરાવો રેકર્ડ ઉપર રજુ થયેલ નથી. તેથી આ કામે આરોપી સામે ઈ.પી.કો. કલમ– **૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧), ૧૧૪** મુજબનો ગુનો પુરવાર થતો નથી.

આમ, ફરીયાદપક્ષ આ કામના આરોપી સામેનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોઈ, મુદ્દા નં.(૧)નો નિર્ણય નકારમાં ઠરાવી મુદ્દા નં.(૨) પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

(૧) આ કામનાં આરોપી નં. **(૧)એજાઝ ઈમ્તીયાજભાઈ મેવાતી,**રહે. ગાલંદાજવાસ બારડપુરા પાલનપુર, **(૨)અકરમ ઈમ્તીયાજભાઈ મેવાતી,** રહે. ગાલંદાજવાસ બારડપુરા પાલનપુર,**(૩)ઈમરાન ઉર્ફે ભુરો ઈલીયાસભાઈ સીંધી,**રહે. જુના ડાયરા નાનીબજાર બાવાની મસ્જીદ પાસે,જિલ્લો-બનાસકાંઠાનાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડ, ૧૯૭૩ ની કલમ - ૨૪૮(૧) અન્વયે ભારતીય દંડસંહિતાની કલમ-**૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૧), ૧૧૪** મુજબનાં શિક્ષાપાત્ર ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) સદર ગુનાના કામે કબજે લીધેલ મુદ્દામાલ બાબતે હાલના ગુનાની પુરવણી ચાર્જશિટ જે ક્રિમી.કેસ નં.૪૨૭/૨૦૨૩થી રજીસ્ટર્ડ થયેલ છે, તેના આખરી હુકમને અનુસરવામાં આવશે.

(૩) હાલના આરોપીએ ફોજદારી કાર્યરીતિ અધિનિયમ : ૧૯૭૩ની કલમ-૪૩૭ (એ) અન્વયે રૂા.૫,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના અપીલ સમય સુધીના જાતમુચરકા તથા તેટલી જ રકમના સધ્ધર જામીન રજુ કરવા વિકલ્પે આરોપીઓએ અગાઉ આપેલ જામીન/જામીનખત અપીલ સમય સુધી ચાલુ રાખવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

પાલનપુર
તા. ૦૯/૦૧/૨૦૨૫

**(અંજુ વિજયસિંહ ચૌધરી)**
બીજા એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ
બનાસકાઠાં- પાલનપુર
કોડનં.જીજે.૦૧૨૫૦